

## પાલનપુરમા મહાશિવરાત્રીની ભવ્યાતિભવ્ય ઉજવણી

દેવાંધિદેવ મહાદેવ ભગવાનના મહાશિવરાત્રીના મહાપર્વે પાલનપુર સહીત બનાસકાંઠામાં શિવાલયોમાં શિવભક્તો સવારથી જ દર્શને અને અભિષેક કરવા તત્પર બન્યા હતા. પાલનપુરના નગર દેવતા પાતાલેશ્વર મહાદેવમાં જાણે મેળો ભરાયો હોય તેમ સવારથી મોદી રાત સુધી ભક્તોએ દર્શન અને ભાંગ મિશિંત દૂધનો પ્રસાદ લઈ પવન બન્યા હતા.અનેક શિવાલયોમાં ભોળાનાથનો અભિષેક કરી રુદ્ર યજ્ઞ મહા આરતી પ્રસાદ સાથે માનસરોવર રોડ રામ ટેકરી ખાતે સ્ફટિકના શિવજીની ભવ્ય પૂજા કરી પ્રસાદ આપવામાં આવેલ.


### પાલનપુર બહુચર્ચિત સાધ્વી જયશ્રીગીરીના ઘરે છેતરપિંડીના કેસમાં ઓચિંતી રેડમાં

# આરોપી દક્ષ પરમાર ઘટના સ્થળે હાજર હોવા છતાં પોલીસ દફતરે ફરાર

### ચાર કલાક તપાસ બાદ પોલીસના કાફલા સાથે સાધ્વી અને દક્ષ એક જ ગાડી પોલીસ મથક ગયા હતા : ડી.વાય.એસ.પી.ની ટીમ દ્વારા ઈન્કવાયરી થશે : જિલ્લા પોલીસ વડા

બહુચર્ચિત સાધ્વી જય્શ્રીગીરી ના કેસ માં પોલીસ ની કામગીરી શંકા ના દાયરા આવી છે સાધ્વી ઘરે જયારે પોલીસ ટીમ પોહચી ત્યારે દક્ષ પરમાર હાજર હોવા છતાં પોલીસ કેમ અંધારા માં રહી તેમજ પોલીસ ના કાફલા સાથે સાધ્વી અને દક્ષ પરમાર પોલીસ મથક પર જાય છતાં પોલીસ દફતરે દક્ષ પરમાર આજે પણ ફરાર છે

પાલનપુર ના જવેલર્સ ના વેપારી એ છેતરપીંડી ની ફરિયાદ આધારે પાલનપુર પચીમ પોલીસ પાલનપુર માં આવેલ ગૌરીપાર્ક માં સાધ્વી ના નિવાસ પર ઓચિંતી તપાસ હાથધરી હતી લગભગ ચાર કલાક સુધી તપાસ માં પચીમ પોલીસ એસાધ્વી ની અટકાયત કરી એક કરોડ થી વધુ નો રકમ નું સોનું સહિત લાખો ની રોકડ રકમ નો મુદામાલ કબજે કર્યો હતો આ ગુના માં ચિરાગ રાવલ તેમજ દક્ષ પરમાર નો પણ આરોપી તરીકે નું નામ હતું નવાઈ વાત એ છે પોલીસ તપાસ માં સાધ્વી ની સાથે દક્ષ પરમાર હોવા છતાં પોલીસ એ દક્ષ પરમાર ની અટકાયત કરી નથી,દક્ષ પરમાર પરમાર ગાયબ થઈ જાય છે અને માત્ર પોલીસ દફતરે સાધ્વી ની જ અટકાયત બતાવામાં આવે છે ની પોલીસ તપાસ થવા છતાં પોલીસ ની સામે જ દક્ષ પરમાર હાજર હોવા છતાં પોલીસ કેમ જવા દીધો ?પોલીસ પોલીસ વડા નીરજ બડગુજર સાથે ટેલીફોનીક વાત ચિત માં પૂછતા તેમને જણાવ્યું હતું કે આ તપાસ ની





સાધ્વી ની ગાડી માં આગળ ની સીટ પર બેસે છે પાછળ સીટ પર સાધ્વી બેસે છે અને પોલીસ ની ગાડીઓના કાફલા સાથે બંને પચીમ પોલીસ મથક જતા હોય તેવું કેમરા માં કેદ થયેલા જોવા મળ્યા છે પરંતુ પોલીસ મથક સુધી પોહ્ચે તે પહેલા દક્ષ મહત્વ વાત એ છે કે ઘટના ના ચાર દિવસ બાદ પચીમ પોલીસ મથક ના પી આઈ જે ડી મેવાડા મીડિયા માં એવું નિવેદન આપે છે કે દક્ષ પરમાર પોલીસ તપાસ માં ફરાર છે

પોલીસ ની કામગીરી એટલા માટે શંકા ના દાયરા છે કે ચાર કલાક કાફલા માં દક્ષ પરમાર ગાડી આગળ બેઠેલો હોવા છતાં પોલીસ ફરાર કેમ બતાવ્યો ?શા માટે પોલીસ રિમાન્ડ માં સાધ્વી કશું બહાર ના આવ્યું ?આવ અનેક સવાલો પોલીસ પર થઈ રહયા છે આ બાબતે અમારા પાલનપુર ના સવાંદદાતા જીલ્લા વિષય હોવાથી જે પણ દોષિત હશે તેની સામે કડક પગલા લેવામાં આવશે આ કેશ ની ડી વાય એસ પી ની ટીમ દ્વારા તાપસ કરવામાં આવશે જો કે જોવાનું એ રહયું છે કે સાધ્વી કેસમાં પોલીસ પોલીસ સામે કેટલી સત્ય તપાસ કરે છે.

# પ્રાંતિજમાં ગમ્મત-ગમ્મતમાં જીવલેણ હુમલો

### હજામતના અસ્ત્રા વડે જીવલેણ હુમલો કરતાં બે ને ઈજા : ભરબજારમાં કિસ્સો બન્તા લોકો ચોકી ઉઠયાં

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ હજામચોરા બજાર વચ્ચે વેપારીએ વેપારી ઉપર અસ્ત્રો વડે હુમલો કરતાં





વેપારીને પીઠ ઉપર ઈજાઓ પહોચી હતી અને બન્ને ઝગડતા છોડાવવા વચ્ચે પડતાં મુસ્લિમ યુવકને પણ હાથ ઉપર અસ્ત્રો વાગી જતાં ઈજાઓ પહોચી હતી.

કહેવાય છે કે આપણે કોઈની ગમ્મત કરતાં હોઈએ તો સામે વાળાની ગમ્મત સહન કરવાની પણ એટલી જ સહન શક્તિ હોવી જોઈએ અને ગમ્મત કરો તો પરિણામ ભોગવવાં પણ બન્ને પક્ષોએ તૈયાર રહેવુ જોઈએ. આવી જ એક ઘટના પ્રાંતિજ ખાતે જોવા મળી અને ગમ્મત - ગમ્મતમાં જીવલેણ હુમલામાં ફેરવાઈ ગઈ. મળતી માહિતી મુજબ પ્રાંતિજ હજામચોરા વિસ્તારમાં બપોરના ૨-૩૦ કલાકે કરીયાણાની દુકાનના વેપારી વચ્ચે મજાક- મજાકમાં ઝપાઝપી બોલાચાલી થતાં ઉગ્ર સ્વરૂપ ધારણ થતાં વેપારી મનોજ કુમાર રમેશભાઈ મોદી પાસે આવેલ હેર કટીંગમાંથી અસ્ત્રો લઈને આવી કરીયાણાના વેપારી સુરેશભાઈ સિંધીને પીઠ ઉપર અસ્ત્રા વડે ચાર-પાંચ ઊંડા ઘા કરી દીધાં હતાં જયારે સુરેશભાઈની બાજુમાં આવેલ વાસણ ના વેપારી મુસ્લિમ યુવક આફતાબ ભાઈ છોડાવવા વચ્ચે પડતાં તેમણે પણ જમણાં હાથ ઉપર અસ્ત્રો વાગી ગયો હતો અને બન્ને વેપારીઓ લોહી લુહાણ થઈ જતાં બન્નેને પ્રાંતિજ સામુહિક આરોગ્ય ખાતે લઈ જવામાં આવ્યાં હતાં. જયાં બન્નેને સારવાર આપવામાં આવી હતી અને સુરેશભાઈને પીઠ ઉપર ઘા મોટા મોટાં પડતાં ૩૨ ટાંકા લેવામાં આવ્યા હતાં જયારે પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં સુરેશભાઈના કાકા માધુમલ હરૂમલ વાપરાણી ઉ.વર્ષ-૬૦ રહે. પ્રાંતિજ દ્વારા ફરીયાદ કરતાં પોલિસે જાહેરનામાંનો ભંગ કરનાર મનોજ કુમાર મોદી સામે આઈ.પી.સી કલમ- ૩૨૩, ૩૨૪, ૫૦૪ અને જીપીએસ ૧૩૫ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## મંડાર ગામે લીલાધર મહાદેવના મંદિરે ભક્તોનું ઘોડાપૂર

મંડાર, તા. ૨૪

ગુજરાત રાજસ્થાન સરહદ ઉપર આવેલા મંડાર ગામે મહાશિવરાત્રિના પર્વ નિમિત્તે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. જેમાં લાખો શ્રદ્ધાળુઓ ભગવાન શિવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જયારે રાત્રે ભાંગનો પ્રસાદ તેમજ ભજન સતસંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મહાશિવરાત્રી એટલે ભગવાન શિવનો દિવસ અને ભગવાન શિવના દિવસે વિવિધ શિવ મંદિરમાં ભક્તોએ ભગવાન શિવના દર્શન કરવા માટે લાંબી લાઈનો લાગી હતી. જયારે ગુજરાત રાજસ્થાન સરહદ ઉપર આવેલ મંડાર ગામે વહેલી સવારથી લીલાધર મહાદેવના મંદિરમાં ભક્તોની લાંબી લાઈનો લાગી હતી.



## હડાદ નજીક મહોબ્બતગઢ ગામે હેડપંપની થઈ ચોરી પાણી મળતાં બંધ થતા ગ્રામજનોમાં ભારે રોષ

દાંતા તાલુકા નાં મહોબતગઢ ની પાછળ માણેકલાલની ક્વોરી સામે ગામ માં વસતા આદીવાસી લોકો ની પાણી ની સુવિધા માટે અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા પીવાનું પાણી સરળતાથી મળી રહે તે માટે બોર બનાવી આપવામાં આવેલ પણ છ માસ બાદ આ હેડપંપ નાં કેટલાંક સાધનો ચોરાઈ જતાં લોકો ને પાણી મળતાં બંધ થયુ છે. જેનાં પગલેં ગ્રામ જનો માં ભારે રોષ ની લાંગણી ફેલાઈ છે.

એવું પણ કહેવામાં આવે છે કે હેડપંપ પાસે આવેલ ક્વોરી વાળાઓએ આ હેડપંપ બંધ કરાવી દેવાની થતાં બોર માં મોટર મુકી દેવાની ધમકી પણ ઉચ્ચારી હોવાનું ચર્ચાસ્પદ બન્યુ છે. ને આ હેંડપંપ ક્વોરી સંચાલકો દ્વારા બંધ કરી દેવાં તેનાં હાથા તથાં સળીયા કાઢી ને મુકી દીધા હોવાનું પણ ચર્ચાસ્પદ બન્યુ છે જેનાં કારણે હાલ માં લોકો ને મળતું પાણી બંધ થતાં ભારે મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે.

એટલુંજ નહીં હાલમાં ઉનાળા ની પણ ધીમા પગલેં શરૂઆત થઈ રહી છે.ત્યારે આગામી સમય માં પાણી માટે આંદોલન ન કરવો પડે તેને લઈ તાલુકા ને જીલ્લા પાણી પુરવઠા વિભાગ તાકીદે આ હેંડપંપ ને ફરીથી ચાલુ કરાવી પાણી ની સુવિધા પુરી પાડવામાં આવે તેવી માંગ આદીવાસી લોકો કરી રહ્યા છે. ને આ હેડપંપ ચાલુ કરાવી ફરી થી બંધ ન થાય તે માટે સરકાર જરૂરી પગલાં લે તેવી આદીવાસી લોકો દ્વારા માંગ કરવામાં આવી છે.

## પ્રાંતિજ ટોલનાકા પાસે આવેલ ગોગા મહારાજના મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નજીક આવેલ ટોલનાકા પાસે વર્ષો જુનું ગોગામહારાજના મંદિર ખાતે એક દિવ્યસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો જેમાં હવન, શોભાયાત્રા સહિત મંદિરમાં મૂતિઓનું વાજતે ગાજતે સ્થાપના કરવામાં આવી હતી.

પ્રાંતિજ ટોલનાકા નજીક સાત લાખના ખર્ચે બનાવવામાં આવેલ ગોગામહારાજના મંદિર ખાતે એક દિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો જેમાં હવન યજ્ઞ અને મંદિરમાં સ્થાપિત કરવામાં આવનારી મૂર્તિઓની વાજતે ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવી હતી.







## બાલારામ મહાદેવમાં શિવરાત્રીનો મેળો ભરાયો

પાલનપુર થી નજીક આવેલ બાલારામ કે જેને ગુજરાત નું કાશ્મીર કહે છે ત્યાં આજે મહાશીરાત્રી ના માહ તહેવારે લોકો મોટી માત્ર માં દર્શન કરવા ઉમટી પડયા હતા અહી સ્વંયમભુ રીતે શિવલિંગ પાર જળાભિષેક ચાલુ છે લોકો ડરહાં કરી ધન્યતા અનુભવી હતી આજે જિલ્લાના ઈકબાલગઢના કેદારનાથ મોકેશ્વર બાજોઠીયા હાથીદ્રા ગંગેશ્વર સહિત શિવાલયો માં મોદી રાત્રી સુધી લોકો હાર હાર મહાદેવ અને ભમ ભમ ભોલે નો નાદ કરી શિવભક્તિ કરી પાવન બની ધન્ય બનશે.

## ઈડરની વિજ્ઞાન કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવાયો

સાબરકાંઠા જિલ્લાના ઈડરની સરકારી વિજ્ઞાન કોલેજનો વાર્ષિકોત્સવ ‘વસંતના વધામણા’ તા. ૧૮મી ફેબ્રુઆરીએ ઈડરના ટાઉનહોલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણના કુલપતિ ડૉ. બી.એ. પ્રજાપતિ તથા વિશેષ ઉપસ્થિત તરીકે સાબરકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત, ઈડર તાલુકા પંચાયત પ્રમુખ એકતાબેન પટેલ, પૂર્વ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ તથા અગ્રણી કનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે કોલેજના આચાર્ય ડૉ. ડી.પી. પટેલે શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજમાં સમગ્ર વર્ષ દરમિયાન યોજાયેલ વિવિધ શૈક્ષણિક, રમત-ગમત, સપ્તધારાની વિવિધ સ્પર્ધાઓ વગેરેમાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં અનુપસ્થિતિને કારણે રાજયની વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ મોકલેલ શુભેચ્છા સંદશનું વાંચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ડૉ. ડી.વી. ચૌધરીએ આભારદર્શન વ્યકત કર્યું હતું.

# અરવલ્લી જિલ્લામાં મહાશિવરાત્રી પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી

### શિવાલયો ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યા : લોકમેળામાં હજારો લોકો ઉમટ્યા

અરવલ્લી, તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં મહા શિવરાત્રી પર્વની ભક્તિમાં શિવભક્તો લીન બન્યા હતા. જિલ્લાના તમામ શિવાલયોમાં ભગવાન શીવના દર્શનાર્થે



વહેલી સવારથી ઉમટી પડ્યા હતા. જિલ્લાના શિવાલયો ઓમ નમઃ શિવાય, હર હર મહાદેવ, બમ બમ ભોલેના નાદથી ગુંજી ઉઠ્યા હતા. શિવજીને રીઝવવા માટે શિવાલયોમાં બિલ્વપત્ર, દૂધ, ગંગાજળ, મધ અને પંચામૃતથી શિવલીંગ ઉપર અભિષેકથી વિશેષ પૂજામાં શિવભક્તોએ ભક્તિભાવથી જોડાયા હતા. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ગેબીનાથ મહાદેવ મંદિરમાં ઘીમાંથી શંકર-પાર્વતીના રૂપની મૂર્તિનું લોકોમાં વિશેષ આકર્ષણ પેદા કર્યુ હતુ. શહેરના અતિપ્રાચીન કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર દ્વારા ભજન કિર્તન સાથે પાલખીમાં બિરાજમાન ભગવાન શીવજીની શોભાયાત્રા નગરમાં ફેરવવામાં આવી હતી.

વૈરાગ્ય મૂર્તિ છતા સદા પ્રસન્ન-આનંદ મગ્ન, ભભૂતિ, રૂદ્રાક્ષ અને ભૂજંગનો શણગાર, જટાધારી, મસાણમાં વાસ, ધ્યાનસ્થ હોય ત્યારે મહાયોગી અને નૃત્ય કરે ત્યારે નટરાજ, માયાથી પર પણ કુબેરને ભંડારના દાતા દેવોના દેવ અને ભક્તોના તારણહાર ભોલેનાથ શિવનો પૃથ્વી પરનો પ્રાગટ્ય દિવસ મહા માસની ૧૩મી તીથી એટલે મહાશિવરાત્રી. અરવલ્લી જિલ્લામાં મહાશિવરાત્રી પર્વમાં જાણે જિલ્લાના શિવાલયો કૈલાશ બન્યા હોય તેવો આધ્યાત્મિક માહોલ જોવા મળતો હતો. જિલ્લાના તમામ શિવાલયો અને દેવાલયો શંખ, ડમરૂ અને હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા હતા. મોડાસા શહેરમાં જોગી ઉમટ્યા હતા. મોડાસા તાલુકાના શામપુર ખાતે આવેલા કુઢેરા મહાદેવ અને મોડાસાના ગેબીનાથ મહાદેવ પરંપરાગત લોકમેળા યોજાતા લોકો મોટી સંખ્યામાં લોકમેળામાં ઉમટી પડ્યા હતા.

મોડાસા શહેરના માજૂમ નદીના કિનારે આવેલા પ્રાચીન શ્રી કાશિવિશ્વનાથ મહાદેવ મંદિરેથી મોડાસા ચૌર્યાસી બ્રાહ્મણ સમાજ, એકલિંગજી મિત્ર મંડળ દ્વારા બપોરે ૩ કલાકે ભવ્યાતિભવ્ય ભોળાનાથજીની પાલખીની શોભાયાત્રામાં ભગવાન શિવ શહેરમાં ભક્તોને દર્શન આપવા નિકળતા ભક્તોએ ભગવાન શિવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રાત્રી દરમિયાન ભજન-કિર્તન અને હાસ્ય દરબાર સહિત લોકડાયરાનું આયોજન કરતા નગરજનો અને જિલ્લાના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં શિવભક્તો ઉમટ્યા હતા.



## અરવલ્લી જિલ્લાના શિવાલયમાં ભાંગની પ્રસાદી ગ્રહણ કરી ભક્તો ધન્ય બન્યા

શિવજી અવધૂત હતા. શિવ પ્રિય હોવાથી શિવભક્તોમાં પણ શિવરાત્રીએ ભાંગની પ્રસાદીનું અનેરૂ મહત્વ હોવાથી શિવભક્તોએ ભાંગની પ્રસાદી મેળવવા પડાપડી કરતા નજરે ચડતા હતા. ભાંગના સેવનથી કેફ ચડે છે. જો કે અરવલ્લી જિલ્લામાં પાવડરવાળી ભાંગ મળે છે. શિવજીને પાંદડાવાળી ભાંગ લઢીને પ્રવાહી સ્વરૂપે જ આપવામાં આવે છે. મોડાસા ગેબીનાથ મહાદેવ દ્વારા બનાવવામાં આવતી સાત્વીક ભાંગ શિવભક્તો તદ્ઉપરાંત યુવાઓ, મહિલાઓ અને બાળકો પણ પ્રસાદીરૂપે ગ્રહણ કરવા પડાપડી કરતા નજરે ચડતા હતા.